# <u>પ્રેસ નોટ</u>

## <u>સ્વાતંત્ર્ય દિનની ઉજવણી</u>

આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા ૭૩માં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી તા.૧૫/૦૮/૨૦૧૯ ના રોજ સવારે ૮.૦૦ કલાકે યુનિવર્સિટી ભવન ખાતે માન. કુલપતિશ્રી ડૉ. કે.બી કથિરીયાના વરદ હસ્તે ધ્વજ ફરકાવી કરવામાં આવેલ. આ રાષ્ટ્રીય પર્વની ઉજવણીમાં યુનિવર્સિટીના સર્વે અધિકારીશ્રીઓ, કર્મચારીઓ, વિધાર્થીઓ, વસાહતી ભાઇ-બહેનો અને બાળકો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેલ. આ પ્રસંગે માન. કુલપતિશ્રી ડૉ. કે.બી કથિરીયા દ્વારા પ્રાસંગીક પ્રવચનમાં દેશની આઝાદી દરમ્યાન સ્વાતંત્ર્ય સેનાનીઓને યાદ કરેલ અને દેશની સાઝા પરીસ્થિતિ અંગે એક ભારત, એક બંધારણ અંગેની સરદાર પટેલની ઇચ્છા હતી તે તરફ દેશ આગળ વધી રહ્યો છે તે બાબત જણાવેલ તેમજ સ્વચ્છતા બાબતમાં વધુ જાગૃતતા લાવવા જણાવેલ હતું. યુનિવર્સિટીના સર્વે અધિકારીઓ, કર્મચારીઓ અને વિધાર્થીઓને યુનિવર્સિટી શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ ક્ષેત્રે જે ઝડપથી આગળ વધી રહી છે તેમાં હજુ ઉત્તરોતર વધારો કરે તેવું આહવાન આપેલ. અંતે યુનિવર્સિટી ભવનના પરીસરમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ રાખવામાં આવેલ. જેમાં માન. કુલપતિશ્રી તેમજ અન્ય અધિકારીઓ, કર્મચારીઓ અને વિધાર્થીઓ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવેલ. કેપ્ટન પી.એ ગોહિલ દ્વારા પરેડ કમાન્ડન્ટ તરીકેની ફરજ બજાવેલ. કાર્યક્રમના ઉદઘોષક તરીકેની કામગીરી ડૉ. જે. આઇ. નાણાવટી દ્વારા કરવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન નિયામકશ્રી, વિધાર્થી કલ્યાણ ડૉ. ડી.એચ. પટેલ દ્વારા કરવામાં આવેલ હતું.













73rd
UNIVERSITY